તારીખ : ૨૩ - ૩ - ૨૦૨૦ શુક્રવાર નોબત (૫૬)

નોબત જામનગર

# જામનગર ચેમ્બરમાં 'વિવાદ સે વિશ્વાસ યોજના' અંગે માર્ગદર્શક સેમિનારનું આયોજન




જામનગર તા. ૧૩: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ તથા ધી જામનગર ટેક્સ કન્સ્ટલટન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ 'વિવાદ સે વિશ્વાસ યોજના' અંગે જામનગર ચેમ્બરમાં માર્ગદર્શન સેમિનાર તા. ૪/૩ ના યોજાયેલ હતો.

આ સેમિનારમાં આવકવેરા કચેરીના અધિકારીઓમાં પ્રિન્સિપાલ કમિશનર ઓફ ઈન્કમટેક્સ ફતેહસિંહ સીરોવા, એડીશ્નલ કમિશનર ઓફ ઈન્કમટેક્સ નમીતા ખુરાના તથા જોઈન્ટ કમિશનર ઓફ ઈન્કમટેક્સ પી.એસ. ભલ્લા તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ તેમના સ્વાગત પ્રવચનમાં ચેમ્બર દ્વારા યોજાતા માર્ગદર્શક કાર્યક્રમો અંગે જણાવેલ કે 'વિવાદ સે વિશ્વાસ યોજના'ની માહિતી માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે તમામ તેમણે તમામ ઉપસ્થિતોનું સ્વાગત કર્યુ હતું. ચેમ્બરના હોદ્દેદારો દ્વારા મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ અને સંસ્થાના પૂર્વ પ્રમુખો દ્વારા મહેમાનોને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યું હતું. ચેમ્બર વિશેની માહિતી સંસ્થાની ઈન્કમટેક્સ અને કોર્પોરેટ લોઝ પેનલના ચેરમેન કમલેશભાઈ રાઠોડે આપી હતી.

'વિવાદ સે વિશ્વાસ યોજના' અંગે ઓડિયો વિઝયુલના માધ્યમથી એડીશ્નલ કમિશનર ઓફ ઈન્કમટેક્સ નમીતાબેન ખુરાનાએ સમજણ આપી હતી. તેમણે આ યોજના કોને લાગુ પડશે, કેવા સંજોગોમાં લાગુ પડે અને તેના ફાયદાઓની વિગતવાર માહિતી આપી હતી.

મુખ્ય મહેમાન ફતેહસિંહ સીરોવા, પ્રિન્સિપાલ કમિશનર ઓફ ઈન્કમટેક્સે તેમના ઉદ્‌બોધનમાં આ યોજના માટે માર્ગદર્શક સેમિનારના આયોજન માટે ટૂંકા સમયગાળામાં ચેમ્બરે આયોજન કરેલ તેને બીરદાવી જણાવેલ કે, ભારત સરકારની આ ખૂબ જ સારી યોજના છે, કરવેરા સલાહકારો તેમના ક્લાઈન્ટોને આ યોજનાનો લાભ લેવા સલાહ આપે. આ યોજનાના ક્રાઈટેરિયામાં આવતા કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરેલ તેમજ ૧૫ મી માર્ચ સુધીમાં એડવાન્સ ટેક્સ ભરવા અપીલ કરી હતી. વધુમાં જણાવેલ કે તેમની પાસે આવતા પ્રશ્નો કે ફરિયાદોનો તેઓ નિકાલ કરવા પ્રયત્નો કરે છે તેમજ ઈન્કમટેક્સના રીફન્ડ અને અન્ય પ્રશ્નો માટે રૂબરૂ પધારવા તેમજ પ્રશ્નોના નિરાકરણ માટે ખાત્રી આપી હતી. કરદાતાના ફાયદા માટે ઘણાં પગલાં લેવાય છે તેની માહિતી આપી હતી.

આ સેમિનારનું સંચાલન સંસ્થાના માનદ્ મંત્રી અક્ષતભાઈ વ્યાસે કર્યું હતું તેમજ સેમિનારના અંતે સંસ્થાના માનદ્ સહમંત્રી કૃણાલભાઈ વી. શેઠે આભારદર્શન કર્યું હતું.